# ડીસા તાલુકામાં ૬૪ લાખનું શૌચાલય કૌભાંડ

## ‘સહુનો સાથ સહુનો વિકાસ’ સૂત્રનો ખાયકીમાં ઉપયોગ થતા : તત્કાલીન ટીડીઓ સી.પી. ડગલા સહીત ૧૬ વિરૂદ્ધ ફરિયાદઃ જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. પટેલની જાગૃતિએ નોંધાઈ ફરિયાદ

ડીસા, તા. ૨૩

રાજ્ય સરકાર દ્વારા ઘેર ઘેર શૌચાલય બનાવવાની અપીલ કરાઈ જાગૃતિ અભિયાન ચલાવાઈ રહ્યું છે. ત્યારે આ અભિયાનનો કેટલાક સરકારી બાબુઓ ખાયકી માટે ઉપયોગ કરી રહ્યા છે. જેમાં ડીસા તાલુકામાં આ અભિયાન હેઠળ બનાવાતા શૌચાલયોમાં મોટા પાયે ગેરરીતી આચરાઈ હતી. અને ખોટા વાઉચર અને પુરાવા ઉભા કરી તત્કાલીન ડીસા તાલુકા વિકાસ અધિકારી અને અન્યોએ લાખોનું કૌભાંડ આચર્યુ હતુ. જેમાં ૬૫ લાખથી વધુની આ ઠગાઈ મામલામાં ૧૬ વિરૂદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ દાખલ થતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠાના ડીસા તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા નિર્મલ ભારત કાર્યક્રમ અંતર્ગત ઘેર ઘેર શૌચાલયની યોજના અમલમાં મુકવામાં આવી હતી. આ યોજના ડીસા તાલુકાના અનેકો ગામોમાં કાર્યાન્વિત કરાઈ હતી. જો કે આ સરકારી યોજનામાંથી ભાગબટાઈ કરવાના ઈરાદો આ યોજના સાથે સંકળાયેલા ડીસાના તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી સી.પી. ડગલાં અને અન્ય તમામે સરકારની નીતિ ‘સહુનો સાથ અને સહુનો વિકાસ’ સૂત્રનો સામૂહિક ભ્રષ્ટાચાર ને ખાયકી માટે ઉપયોગ શરૂ કર્યો હતો. જેમાં તાલુકા વિકાસ અધિકારી આઈ.સી.ડી.એસ. શાખાના કર્મચારી અને ગ્રામ પંચાયતના સરપંચો તેમજ આ યોજનાનું બાંધકામ કરવાનો ઈજારો મેળવનાર ખાનગી એન.જી.ઓ. સહીત ૧૬ જેટલા વ્યક્તિઓ આ ગેરરીતિમાં સામુહિક રીતે જોડાતા લાખોની ખાયકી અને ગેરરીતી શરૂ થઈ હતી. અને શૌચાલયના ખોટા લાભાર્થી ઉભા કરી તે મતલબનું રેકર્ડ નિભાવી, ઉચાપત માટે ષડયંત્ર રચી લાખો રૂપિયા શૌચાલય લાભાર્થી ચુકવણી પેટે ઉપાડી છેતરપીંડી કરી હતી.

જેમાં શૌચાલય યોજનાના ૧૪૧૧ જેટલા લાભાર્થીઓને સરકાર તરફથી ચૂકવાયેલ રકમ રૂપિયા ૬૪,૯૦,૬૦૦ આ ૧૬ ઈસમોએ એકબીજાની મદદગારીએ હડપ કરી ગયા હતા, જેમાં પુરાવા મળતા તેમને ડીસાના હાલના તાલુકા વિકાસ અધિકારીને દોષિત તમામ વિરૂદ્ધ પોલીસ ફરિયાદનો હૂકમ કર્યો હતો, જે આદેશે ડીસા ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી ઈદ્રીશ મહમદ જાનમહમદ સિરોયાએ આ લાખોનું કૌભાંડ ચલાવનાર આરોપી (૧)ચંદુભાઈ સી. ડગલા તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી-ડીસા, (૨) સુરેશભાઈ તત્કાલીન હિસાબનીશ-ડીસા (૩) મહેન્દ્રભાઈ જી. ચૌધરી કલસ્ટર કો. ઓડીનેટર તાલુકા પંચાયત-ડીસા (૪) પ્રમુખ-ખોડિયાર વિકાસ ટ્રસ્ટ માંડવી તાલુકો-સમી-જીલ્લો પાટણ (૫) રમેશપુરી સીતપુરી ગોસ્વામી-પ્રમુખ સ્વામી વિવેકાનંદ સેવા ટ્રસ્ટ માંડવી તાલુકો સમી-જીલ્લો બનાસકાંઠા (૬) શ્રી મલય પી. ત્રિવેદી શિવશક્તિ સોસાયટી બેચરપુરા-પાલનપુર (૭) શ્રીમતી હેતલબેન વી. જુડાલ (૮) શ્રીમતિ સારદાબેન સુરસંગજી સોલંકી ભદ્રામલી-સરપંચ-તાલુકો ડીસા (૯) શ્રીમતી સનાબેન પ્રહલાદજી સોલંકી લુણપુર ગ્રામ પંચાયત સરપંચ-તાલુકો-ડીસા (૧૦) શ્રીમતી રાજુલબેન જીવનસીંહ જાદવ સરંપચ સમો-નાના (૧૧) શ્રી પ્રતાપસિંગ અર્જુનસિંહ ઠાકોર સદરપુર-સરપંચ (૧૨) કાનસીંગ જાદવ સરપંચ-સમો મોટા તાલુકો ડીસા (૧૩) શ્રીમતી ગોમતીબેન પરબતજી ઠાકોર સરપંચ-કનઝરા તાલુકો-ડીસા (૧૪) મગનભાઈ ગોવાભાઈ સરપંચ-રાણપુર ઉગમનાવાસ તાલુકો-ડીસા (૧૫) ફડવાજી પ્રતાપજી ઠાકોર સરપંચ-દશાનાવાસ તાલુકો ડીસા (૧૬) ભગવાનભાઈ લીલાભાઈ દેસાઈ સરપંચ-ઝાંબડીયા તાલુકો ડીસા સહીત ૧૬ વિરૂદ્ધ વધુ તપાસ ડીસા તાલુકા પી.આઈ. આર.એમ. ભદોરીયા ચલાવી રહ્યા છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજ ખાતે આંગણવાડીના ભૂલકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બાળ દિવસની ઉજવણી નિમિત્તે પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ આંગણવાડીના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ તાલુકા પંચાયતના વિશાળ હોલમાં આંગણવાડીના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સૌ પ્રથમ આવનાર મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને પ્રાંતિજ ખાતે આવેલ ૩૮ આંગણવાડીના ૭૦ જેટલા બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. જયારે આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહિત કરવામાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સાંસદ પુત્ર રણજીતસિંહ દિપસિંહ રાઠોડની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# હિંમતનગરમાં બી.એસ.એન.એલ.ના કર્મચારીઓ હડતાલ પર

પ્રાંતિજ, તા.૨૩


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલ બીએસએનએલ યુનિયન અને એસોસિએશનના સભ્યો, કર્મચારીઓ દ્વારા તા. ૨૧ તથા ૨૨ના રોજ તેમની વિવિધ માંગણીઓને લઈને બે દિવસ માટે હડતાલ પર ઉતર્યા હતા. જેમાં સંપૂર્ણ જડબેસલાક બંધ રહેતા બી.એસ.એન.એલ. સાથે સંકળાયેલી વિવિધ કચેરીઓમાં તથા બેંકોમાં વિવિધ પરેશાનીઓનો સામનો કરવો પડયો હતો.

મળતી માહિતી મુજબ હિંમતાનગર ખાતો આવેલ બીએસએનએલની મુખ્ય કચેરી આગળ બે દિવસથી કચેરીના મુખ્ય અધિકારીઓ સહિત સમગ્ર જિલ્લા સહિત ઓલ ઈન્ડિયા બી.એસ.એન.એલ. યુનિયન અને એસોસિએશન તરફથી તા. ૨૧-૪-૨૦૧૫ મે ૨૨-૪-૨૦૧૫ બે દિવસ માટે બી.એસ.એન.એલ. બચાવો તથા રાષ્ટ્ર બચાવોની માંગણીઓ સાથે ૨૦ જેટલા મુદ્દાઓને લઈ હડતાલ ઉપર કર્મચારીઓ ઉતરી ગયા હતા જેમાં સાબારકાંઠા તથા અરવલ્લી જિલ્લાના ૧૬૫ ટેલિફોન એકસચેન્જનો તથા ૨૭૦ જેટલા મોબાઈલ ટાવરો તથા જાહેર જીવનને લગતી બેંકીગ સેવાઓ તથા સરકારી કચેરીઓને હડતાલના કારણે બી.એસ. એન. એલ. સેવાઓ ઉપર સીધી અસર જોવા મળી હતી.

# ચડોતર અને ઢુવા ગામે કૃષિ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા.૨૩

બનાસકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવની ઉજવણી અંતર્ગત જિલ્લા પંચાયતની બેઠક મુજબ જિલ્લાની કુલ ૫૫ બેઠકો પૈકીમાંથી પસંદ થયેલ ગામોમાં કૃષિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. આજે કૃષિ મહોત્સવના બીજા દિવસે પાલનપુર તાલુકાના ચડોતર અને ડીસા તાલુકાના ઢુવા ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં જિલ્લા કૃષિ મહોત્સવના ઈન્ચાર્જશ્રી ડૉ. ગણેશભાઈ પટેલે જણાવ્યું હતુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. જેને ખુબ સારી સફળતા મળી છે. તેમણે કહ્યું કે, કૃષિ મહોત્સવમાં વૈજ્ઞાનિકો ધ્વારા ખેડુતોને સુંદર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે જેનાથી ખેડુતોમાં ખુબ જાગૃતિ આવી છે અને ખેડુતો આધુનિક ખેતી તરફ વળ્યા છે.



અગ્રણીશ્રી ગિરીશભાઈ જગાણીયાએ જણાવ્યું હતુ કે કૃષિ મહોત્સવ અભિયાનના લીધે ખેડુતો આધુનિક ખેતી કરતા થયા છે. આજે બનાસકાંઠા જિલ્લામાં મોટાભાગના ખેડુતો ટપક અને ફુવારા પધ્ધતિથી ખેતી કરીને ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવે છે. તેમણે કહ્યું કે આ જિલ્લાના ખેડુતોએ ખેતીની સાથે પશુપાલન વ્યવસાયમાં પણ આમૂલ પરિવર્તન લાવ્યું છે જેના કારણે બનાસ ડેરી સમગ્ર એશિયામાં દૂધ ઉત્પાદનમાં પ્રથમ સ્થાને પહોંચી છે. તેમણે કહ્યું કે કૃષિ મહોત્સવની સાથે પશુ આરોગ્ય મેળાઓમાં પશુઓને રસીકરણ કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિકો ધ્વારા સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ અને વિવિધ સહાયના ચેક અને મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના સ્થળે સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા લોકોને ઉપયોગી માહિતીસભર સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં અગ્રણીઓ સર્વશ્રી ભગુભાઈ કુગશીયા, સરપંચશ્રી સોમભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી લક્ષ્મણભાઈ પટેલ, કૃષિ વૈજ્ઞાનિકશ્રી ડૉ. એમ.એમ.પટેલ સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભીસર ગામે ઉનાળામાં પક્ષીઓ માટે કુંડા અને માળા મુકાયા

## સતત ૪ વર્ષથી ગામના યુવાનો દ્વારા આ પુણ્યકાર્ય થાય છે


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૩

ઉનાળાની કાળઝાળ ગરમીથી અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે યુવાનોનું સંગઠ્ઠન ‘ટીમ ખંભીસર’ દ્વારા છેલ્લા ચાર વર્ષથી ઉનાળામાં પક્ષીઓને રહેવા અને પીવાના પાણીની ચિંતા કરી ગામમાં વિવિધ જગ્યાએ પાણીના કુંડા મુકી પક્ષીઓની તરસ છીપાવવા માટે ઉમદા કાર્ય કર્યુ છે. ઉનાળાના કાળઝાળ ગરમીથી પક્ષીઓને પીવાના પાણીની તકલીફ ના પડે તેમજ રહેવા માટે માળાઓની વ્યવસ્થા કરી આખા ગામમાં ઘર દીઠ પાણીના અંદાજે ૨૦૦ થી વધુ કુંડાની વ્યવસ્થા કરી લોકોને પક્ષીઓને ગરમીથી બચાવવા માટે અપીલ કરી હતી. પોતાના ખર્ચમાં કાપ મુકીને પોતાના પોકેટ મનીમાંથી બચત કરી છેલ્લા કેટલાય વર્ષોથી આ પુણ્યકાર્ય ગામના યુવાનો દ્વારા કરવામાં આવે છે. યુવાનોનો મુખ્ય ઉદ્દેશ પાણી વગર તરફડીયા મારીને મરી જતા પક્ષીઓને બચાવીને પર્યાવરણનું રક્ષણ કરવાનો છે. યુવાનોના આ ઉમદા કાર્યને વધાવીને ગ્રામજનોએ યુવાનોને અભિનંદન આપ્યા હતા.

### પ્રદુષણ નિયંત્રણનો સરેઆમ ભંગ : તંત્રના આંખ આડા કાન

# ડીસા જીઆઈડીસીની ફેકટરીઓના ગંદાપાણી જાહેર માર્ગ પર ફરી વળ્યા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૨૩

ડીસા શહેરનો જી.આઈ.ડી. સી. વિસ્તાર ગંદકી અને દબાણોમાં ગરકાવ બની ગયો છે. અહીં આવેલા કારખાનાઓમાંથી કેમિકલ યુકત પાણી માર્ગ પર વહેતુ કરાતુ હોવાથી, ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું છે. દુર્ગંધ મારતા આ પાણીથી ભયાનક રોગચાળો ફાટી નિકળવાની દહેશત ઉભી થઈ છે. ઘણા સમયથી ગંદકીમાં ગરકાવ બનેલી જી.આઈ.ડી. સી. વિસ્તારમાં ચોમાસાના સમયે નીકળવું ભારે પડી જાય છે.

ડીસા શહેરના જી.આઈ.ડી. સી.વિસ્તારમાં સરકારી તંત્રના કોઈ નિતિ નિયમ લાગુ પડતા ન હોય તેમ વિવિધ કારખાનાઓના માલિકો દ્વારા પ્રદુષણ નિયંત્રણનો સરેયામ ભંગ કરવામાં આવી રહ્યો છે. ખાદ્ય ચીજો બનાવતી ફેકટરીઓમાં પણ સફાઈનું કોઈ ધોરણ જળવાતુ નથી એટલું જ નહીં ફેકટરીઓનો તમામ વેસ્ટ જાહેરમાર્ગ અથવા આસપાસની ખુલ્લી જગ્યામાં ફેકી દેવામાં આવતો હોવાથી, અહીંની

ફેકટરીઓમાં કામ કરતા મજુરો અને જી.આઈ.સી.ડી.ના વસાહતીઓમાં ખતરનાક રોગચાળાનું સંકટ તોળાઈ રહ્યું છે. અહીં આવેલી સુગરની ફેકટરીઓ, સીંગચણાની ફેકટરીઓ, અગરબત્તીની ફેકટરીઓ, પ્લાસ્ટીકની ફેકટરીઓ સહિત વિવિધ ફેકટરીઓનું ગંદુ પાણી રોડ પર વહેતુ કરી દેવામાં આવે છે. સીંગચણાની ફેકટરીનું પાણી જાહેર રોડ પર કોટને અડીને કરેલા ખાડામાં નાખવામાં આવે છે.

દસ ફુટ જેટલા ઉંડા ગંદા પાણીના ખાડામાં કુતરા, બિલાડી, ગાયો જેવા પશુઓ ખાબકવાના બનાવો બને છે. અઠવાડીયા પહેલા કેમિકલ યુકત પાણીના ખાડામાં એક કુતરૂ પડીને મોતને ભેટયું હતું. તેના મૃતદેહને બહાર ન કઢાતા આ વિસ્તારમાં દિવસો સુધી લોકોને ભયંકર દુર્ગંધનો સામનો કરવો પડયો હતો. આ બાબતે અહીંના એક મજુરે જણાવ્યું હતું કે અહીં નગરપાલિકાના સફાઈ કામદારો આવતા જ નથી જે સફાઈ થાય છે તેના રૂપિયા આપવા પડે છે.

# ઊંઝામાં શ્રમિક પરિવારની સગીરાનું અપહરણ

ઊંઝા, તા.૨૩

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ છાપરામાં રહેતી એક સગીર વયની કિશોરીને નજીકમાં જ રહેતો એક યુવાન શખ્સ લલચાવી ફોસલાવીને જારકર્મ કરવાના ઈરાદો ઓટોરીક્ષામાં કયાંક ભગાડી ગયો હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે હાઈવે પર આવેલ શકિતનગર છાપરામાં રહેતા દેવીપૂજક ગોવિંદભાઈ ભલાભાઈની બહેન કાજલ ઉ.વ.૧૬ને નજીકમાં જ પાણીની ટાંકી પાસે રહેતા સંજયજી ઠાકોર નામનો શખ્સ વહેલી સવારના સમયે લલચાવી ફોસલાવીને લગ્ન જારકર્મ કરવાના ઈરાદે તેની ઓટો રીક્ષામાં બેસાડીને કયાંક ભગાડી ગયો હતો. આ બનાવ અંગે ઊંઝા પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સતલાસણા તાલુકાના કૃષિ મહોત્સવમાં કૃષિ સેમિનાર અને પ્રદર્શનનું આયોજન

મહેસાણા, તા.૨૩

મહેસાણા જિલ્લાના છેવાડા તાલુકા સતલાસણામાં પ્રજાપતિ વાડી ખાતે અગિયારમા કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કૃષિ મહોત્સવનો પ્રારંભ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે. એલ. પટેલે કર્યો હતો. આ ઉપરાંત કૃષિ મહોત્સવમાં નિર્ધારીત વિવિધ સ્ટોલ પણ ખેડુતો માટે ખુલ્લા મુક્યા હતા.

સતલાસણા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૦૬૧ લાભાર્થીઓને ૨૬.૪૭ લાખની સહાય આપવામાં આવી છે. સતલાસણા તાલુકામાં ટ્રેકટર સહાય પેટે ૯૪ લાભાર્થીઓને ૪૫.૬૦ની સહાય આપવામાં આવી હતી. કૃષિ મહોત્સવમાં સ્ટેજ પરથી લાભાર્થીઓને ટ્રેકટર, સમ્બર્સિબલ પંપ અને હાઈડ્રો રિવસીબલ એમ બી પ્લાઉની સહાય પેટે ૧૪ લાભાર્થીઓને ૩,૪૩,૦૦૦ ની વિવિધ સહાય ચુકવામાં આવી હતી.

કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિક અને પશુપાલન અધિકારી દ્વારા ખેતવિષયક માહિતી તેમજ પશુઓની જાળવણી બાબતે વિગતે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ખેતીવાડી, બાગાયત, અને પશુપાલન ક્ષેત્રે વૈજ્ઞાનિક પ્રધ્ધતિથી પ્રગતિ કરનાર ખેડુતોએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા.



આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે. એલ. પટેલે જણાવ્યું હતું કે રાજય સરકારે કરેલ સિંચાઈની સગવડને કારણે રાજય હરિયાળું બન્યું છે. રાજય સરકારને ખેડુતલક્ષી નિતિ અપનાવીને ૦૮ કિ.મિની અંદર જમીન ખરીદવાનો કાયદામાં સુધારો કરી રાજયમાં ગમે ત્યાં જમીન ખરીદી કરી શકાય તેવો નિર્ણય લીધો હતો.

પ્રમુખે જણાવ્યું હતું કે ગામડાઓને શહેરો સમકક્ષ બનાવવા રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજયના મહિલા મુખ્યમંત્રીશ્રીએ ખેડુતોના હિતમાં રવિ કૃષિ મહોત્સવ તેમજ ખેતલક્ષી નિર્ણયો કરી સુખાકારીમાં વધારો કર્યો છે.

સતલાસણા તાલુકામાં કપાસ, દિવેલા, મગફળી અને પશુપાલન ક્ષેત્રે નવીન અભિગમ અપનાવનાર ૨૭ ખેડુતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

કૃષિ મહોત્સવમાં જિલ્લા ખેતીવાડી અધિકારી બી. એન. પટેલ, સતલાસણા તાલુકાના અધિકારીશ્રીઓ, પદાધિકારીક્ષીઓ, સરપંચશ્રી ગ્રામજનો અને ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧